## *FORM-A*

| |
|---|
| ***IN THE COURT OF THE 2ND ADDITIONAL SESSIONS JUDGE, DAHOD,***<br>***AT :DAHOD***<br>*Present : 2nd Additional Sessions Judge*<br>*(Date of Judgment :05-12-2024)*<br>***(Sessions Case No. 170/2022)***<br><br>*(Dahod Town Police Station B part Cr. No.230/2017*<br>*Sec. 5,8,10 of Animal Protection Amendment Act 2017 and Sec.11(F)(M) of the prevention of Animal cruelty Act-1960 )* |

| | |
|---|---|
| *COMPLAINANT* | *STATE OF GUJARAT* |
| *REPRESENTED BY* | *LD. Sp.P.P.Mr. A.R.Chauhan* |
| *ACCUSED* | *(1) Imranbhai Husenbhai Ali.*<br>*(2) Shirajbhai Ishabhai Shiva.* |
| *REPRESENTED BY* | *Ld. Advocate Mr.S.V.Malek* |

## *FORM-B*

| | |
|---|---|
| *Date of Offence* | *28-10-2017* |
| *Date of FIR* | *29-10-2017* |
| *Date of Chargesheet* | *23-01-2018* |
| *Date of Framing of Charges* | *17-12-2022* |
| *Date of Commencement of evidence* | *23-01-2024* |
| *Date on which judgment is reserved* | *25-11-2024* |
| *Date of the Judgment* | *05-12-2024* |
| *Date of the Sentencing Order, if any* | *NIL* |

## *Accused Details*

| No | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of Section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | *Imranbhai Husenbhai Ali* | 28-10-2017 | 30-10-2017 | *Sec.5(B),(D), & (A), 8, 10 of Gujarat Animal Prevention Act 1954 and Sec. 11 (D) of the prevention of Animal cruelty Act-1960* | *Acquitted* | - | *NA* |
| 2 | *Shirajbhai Ishabhai Shiva* | 28-10-2017 | 30-10-2017 | " | " | - | - |

## *FORM-C*
## *LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES*

*A. Prosecution*

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW1 | *Kamleshkumar Vagabhai Dindor* | *Witness* |

*B. Defence Witness, if any :*

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

*C. Court Witness, if any :*

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

*LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS*

*A. Prosecution*

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit- 16 | Complaint |
| 2. | Exhibit P-6 /PW1 | Spot Panchnama of the place of incident |

*B. Defence :*

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | | |

*C. Court Exhibits :*

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | | |

*D. Material Objects :*

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| 1. | | |

**(D. J. Mehta)**
**2nd Additional Sessions Judge**
**Dahod.**

દાખલ તારીખ : ૦૧/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ : ૦૫/૧૨/૨૦૨૪
સમય ગાળો : વર્ષ માસ દિવસ

# દાહોદના મહે. બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં
# મુ.દાહોદ

**સેશન્સ કેસ નં.૧૭૦/૨૦૨૨**
**આંક:-**

**શ્રી સરકાર**

**..... ફરિયાદી**

**વિરૂધ્ધ**

**(૧) ઈમરાનભાઈ હુસેનભાઈ અલી,**
**ઉ.વ.આ.૨૧,ધંધો-ડ્રાઈવર,**
**રહે. નાથાપોર, તા.મોરવા, જી.પંચમહાલ.**

**(૨) શીરાજભાઈ ઈશાભાઈ શીવા,**
**ઉ.વ.આ.૨૫,ધંધો-મજુરી,**
**રહે. નાથાપોર, મસ્જીદ પાછળ, તા.મોરવા, જી.પંચમહાલ.**

**..... આરોપીઓ**

**ગુનો : પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનયમ ૧૯૬૦ની કલમ ૧૧(એફ)(એમ) મુજબ.**

---

**ફરિયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે. એ.પી.પી.શ્રી એ.આર.ચૌહાણ**
**આરોપીપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી એસ.વી.મલેક**

---

## -:: જ જ મે ન્ટ ::-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી દિલીપભાઈ શકરાભાઈ અ.પો.કો. બ.નં. ૧૦૦૧ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનનાઓ તા. ૨૮-૧૦- ૨૦૧૭ ના રોજ મળેલ ખાનગી બાતમી આધારે તેઓ તથા પો.સ.ઈ. એચ.પી.દેસાઈ તથા એ.એસ.આઈ.લક્ષ્મણસિંહ ગુર્સિહ બ. નં.૫૪૪ તથા અ.હે.કો. મુકેશભાઈ સુગમચંદ બ.નં.૭૯૬, અ.પો.કો. ભરતભાઈ સવજીભાઈ બ.નં. ૬૪૧ એ રીતેના તેઓ દાહોદ કસ્બા ચામડાની મીલ આગળ એક બોલેરો પીકઅપ ગાડી નં.જી.જે.૧૮.એટી ૧૨૬૩ પડેલ હતી જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી ઉપરોકત બાતમી આધારે સમજ કરી સદર બોલેરો પીકઅપ ગાડીમાં પંચોની સાથે તપાસ કરાવતા જે બોલેરો પીકઅપ જેમાં નંગ પાંચ ભેંસો ટુંકા દોરડાથી ઘાસ ચારો કે પાણીની સગવડ વગર ક્રુરતાપુર્વક બાંધી રાખેલ હોય સદર ભેંસો બોલેરો પીકઅપમાં લાવવા બદલ પાસ પરમીટ કે કોઈ આધાર પુરાવો હોય તો રજુ કરવા જણાવતા નહીં હોવાનુ જણાવેલ.

(૨) હાલની આ ફરિયાદ આધારે દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમા સે ગુ.ર. નં.૨૩૦/ ૨૦૧૭ થી ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ-૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ -૧૯૬૦ ની કમલ ૧૧ (એફ)(એમ) મુજબનો ગુનો નોંધી, ગુના અંગેની તપાસ દરમ્યાન ત.ક. અમલદારે બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, બે પંચોની હાજરીમાં આરોપીઓને અટક કરી તે અંગેનું અટક પંચનામુ કરેલુ, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા, દાહોદના વિ. દાહોદના બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી ની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૭૯/૨૦૧૮ થી ચાર્જશીટ ફાઈલ કરેલ.

અત્રે એ નોંધવું આવશ્યક છે કે, વિ. બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિ. કેસ નં. ૭૯/૨૦૧૮ ના કામે ફરીયાદી અને સાહેદોનો પુરાવો નોંધેલ અને ત્યારબાદ હકુમતના મુદ્દા પર હાલનું કામ અત્રેની કોર્ટ તરફ મોકલી આપેલ તેવા સંજોગોમાં રેકર્ડ પર રજુ થયેલ આંક-૧૨ ની પુરસીસ મુજબ અગાઉ તપાસવામાં

આવેલ સાહેદોને પુનઃ જુબાની અર્થે કોર્ટ સમક્ષ બોલાવવાની જરૂરીયાત ઉપસ્થિત ન થાય તે હેતુ થી વિ. સ્પે. પી.પી. શ્રી રજુઆત ધ્યાને લઈ અને આરોપીઓના વિ. વ. શ્રી નો શેરો ધ્યાને લઈ સદર પુરાવાને હાલના કામે દાખલ કરી વંચાણે લેવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપીઓ સામે નોંધાયેલ ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, ઝાલોદના વિ.જ્યુડી. મેજી.ફ.ક. શ્રી એ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ સદરહુ કેસ સેશન્સ કમીટ કરી જીલ્લા અદાલત, દાહોદને મોકલી આપતાં, સેશન્સ અદાલતમાં સેશન્સ કેસ નં.૧૭૦/ ૨૦૨૨ થી નોંધી લેવામાં આવેલ અને ત્યારબાદ આ કેસ અત્રેની અદાલત માં ઈન્સાફી કાર્યવાહી માટે તબદીલ કરવામાં આવેલ છે.

(૪) આ કામનાં આરોપીઓ સમન્સથી હાજર થતા, તેમને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી, અગાઉના વિ. ત્રીજા એડીશનલ સેશન્સ જજ શ્રીએ તા.૧૭–૧૨–૨૦૨૨ ના રોજ ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ–૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ –૧૯૬૦ ની કમલ ૧૧ (એફ)(એમ) અન્વયે સજાપાત્ર ગુનાઓનું તહોમતનામું આંક–૦૪ થી ફરમાવતા, આરોપીઓએ આંક–૦૫ અને આંક–૦૬ થી પોતાનાં જવાબો આપી, તેમને આ ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ છે. ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષનાં રજુ થયેલા તમામ પુરાવાઓ નોંધવામાં આવ્યા.

(૫) ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નોંધવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

| અ.નં | સાહેદોનાં નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ઇમરાન ઇદરીશ મલેક | પંચ | ૧૩ |
| (૨) | ઇમરાન સલિમભાઇ અનુસવાલા | પંચ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| (૩) | દિલિપભાઈ શકરાભાઈ પરમાર | ફરીયાદી | ૧૫ |
| (૪) | લક્ષ્મણસિંહ ધુરસિહ ડામોર | પોલિસ સાહેદ | ૧૭ |
| (૫) | મુકેશભાઈ સુગનભાઈ મેવાડા | પોલિસ સાહેદ | ૧૮ |
| (૬) | ભરતભાઈ સવજીભાઈ ભાભોર | પોલિસ સાહેદ | ૧૯ |
| (૭) | કમલેશ વાઘાભાઈ ડીંડોર | ત.ક. અમલદાર | ૦૫ |

**દસ્તાવેજી પુરાવો :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૬ |
| (૨) | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૬ |
| (૩) | વાહનની આર.સી.બુક | નિ.૩/૩ |
| (૪) | જપ્ત કરેલ પશુઓની યાદી | નિ.૩/૪ |

(૬) ફરિયાદ પક્ષે એ.પી.પી.શ્રીએ આંક-૨૦ ની કલોઝીંગ પુરસીસથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતા તેમાં તેમને આ ગુનામા ખોટી રીતે સંડોવેલાનુ જણાવી તેમના ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૭) આ સેસન્સ કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવો નોધવાનું પુરું થયા બાદ સરકાર તરફે વિદવાન સ્પે. એ.પી.પી. શ્રી ચૌહાણની દલીલો સાંભળેલ છે જેમા તેઓએ ભારપૂર્વક જણાવેલ છે કે, આરોપીઓ બનાવ સમયે પીકઅપ ગાડીમા પાંચ ભેંસો કતલ માટે લઈ જતા હતા તે અંગેની તેઓ પાસે કોઈ પાસ પરમીટ ન હતી. આ કામે બનાવ સમયે હાજર એવા સરકારી કર્મચારીઓની જુબાની દ્વારા ફરીયાદપક્ષના કેસને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, કાયદાની કલમ-૬ની જોગવાઈ મુજબ પકડાયેલ પશુઓ બાબતે આરોપીઓએ ખંડનાત્મક ખુલાસો કરવો અનિવાર્ય છે અન્યથા તેઓ વિરૂધ્ધ અનુમાન થઈ શકે છે તેવો કોઈ

ખુલાસો આ કામે આરોપીપક્ષ તરફથી કરવામાં આવેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લઈ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામા સફળ નિવડેલ હોઈ આરોપીઓ ને તેમની સામે ફરમાવેલ ગુના સબબ તકસરીવાન ઠરાવી સજા ફરમાવવા વિનંતી કરી છે.

જયારે આરોપીપક્ષ તરફે પ્રોક્ષી વિ.વ.શ્રી એસ.વી.મલેકે તેમની વિધ્વતાપૂર્વકની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ છે. વધુમા હાલના કામે બનાવ વાળી જગ્યાએથી આરોપીઓને અટક કરવામાં આવેલ હોય તે સમયે કોઈ અટક પંચનામુ કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓ પકડાયેલ ઢોરોને કતલખાને લઈ જતા હોય તેવો ફરીયાદપક્ષનો આક્ષેપ છે પરંતુ બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઈ કતલખાનુ આવેલ નથી. હાલના કામે ફરીયાદી પોલીસ કર્મચારી હોઈ અન્ય પોલીસ સાહેદોએ તેમને મદદરૂપ થાય તેવી સ્ટીરીયોટાઈપ જુબાની આપેલ છે. બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો તથા મકાનો આવેલા હોવા છતાં ત.ક.અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. હાલના કામે પકડાયેલ ઢોરો આરોપીઓના હોવા બાબતે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ નથી. આ કામે ભેંસો દોરડાથી બાંધેલા હોવાનો ફરીયાદક્ષનો આક્ષેપ છે પરંતુ આવા કોઈ દોરડા મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલા નથી. જે તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીએ સામેનો કેસ પુરવાર કરી શકેલ ના હોઈ આરોપીઓને તેમની સામેના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલા સાહેદી તથા દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓ પર આક્ષેપીત ગુનાની કાયદાકીય જોગવાઈઓ, ભારતીય પુરાવાના કાયદાના પાયાના સીધ્ધાંતો વિગેરે ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

## :: મુદ્દા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તમો આરોપીઓએ તા.૨૮–૧૦–૨૦૧૦ ના રોજ ક.૧૬–૧૫ ના રોજ મોજે દાહોદ કસ્બા ચામડાની મીલની આગળ ક્રુરતાપુર્વક ઘાસચારા કે પાણીની સગવડ વગર, પાસ પરમીટ વગરની બોલેરો પીકઅપ ગાડીમાં જેનો નં.જી.જે.૧૮.એ.ટી.૧૨૬૩ માં ભેંસો જેની કુલ કિં.રૂા.૨૫,૦૦૦/– તથા બોલેરો પીકઅપ ગાડીની કિં. રૂા.૧,૦૦,૦૦૦/– એમ કુલ મળી રૂા.૧,૨૫,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ–૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ –૧૯૬૦ ની કમલ ૧૧ (એફ)(એમ) સજાનેપાત્ર ગુનાઓ કર્યા છે ?

(૨) છેવટનો હુકમ શું ?

(૯) ઉપરોકત મુદ્દાના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ

## –:: કા ર ણો ::–

**કાયદાકીય જોગવાઈ :**

(૧૦) કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાનો સાથે ટ્રાયલ ચલાવવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપીઓએ કરેલ ગુનામાંથી તે નિર્દોષ છે, તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની શરૂઆત કરવામાં આવતી હોય છે. અને આરોપીની વિરૂધ્ધમાં કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સમયે ઓછી થતી નથી. અને તેની સાથોસાથ જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય તેઓ સાચુ જ

બોલતા હોય છે, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયીક વિશ્લેષણ કરવામાં આવતુ હોય છે અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ ચોકકસ માપદંડ કે જોગવાઈ કે નિતી નિયમ ઘડવામાં આવ્યા નથી એટલે કે, ફોજદારી પ્રકરણમાં દરેકે દરેક હકીકતો અને તેની આજુબાજુના સંજોગો જુદા જુદા હોવાથી જેતે કેસની હકીકતોને લક્ષમાં લઈને અને તેમાં ફરિયાદપક્ષે પોતે રજુ કરેલા પુરાવાનુ વિષ્લેષણ કરવાનુ હોય છે. અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકાર ની જવાબદારીમાં અદાલતે એ જોવાનુ હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય, પરંતુ સાથોસાથ અદાલતે એ પણ જોવાનુ છે કે એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી પણ ન જાય. સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને તેઓ કાયદાની આંટી ઘુટી થી પરિચીત હોતા નથી અને એવા સંજોગોમાં તેઓ ઘણીવાર પોતાની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરિયાદ પક્ષનાં કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો આવી અસંગતતા વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ પણ જો આવો અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાષનાં કારણે ફરિયાદનાં મુળને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. કાયદાનાં અર્થમાં એ હકીકત છે કે, સ્વતંત્ર સાહેદ એક એવી વ્યકિત છે કે જે પોતે કાંઈ જાણે છે તે જણાવી દે છે, જયારે હિત ધરાવનાર સાહેદ જે જાણે છે તેના કરતા કયારેક વધુ પડતુ કહેતા હોય છે અને તેને માત્ર પરિણામમાં રસ હોય છે, કારણ કે તેને કોઈ પક્ષ સાથે નિસ્બત હોય છે કોઈને બચાવવા માગે છે. હિત ધરાવનાર સાહેદ શું બન્યુ છે તેના કરતા જુબાનીમાં શુ કહેવુ? અને શુ ન કહેવુ? તેની માનસિક તૈયાર કર્યા બાદ જુબાની આપે છે. આવી જુબાની સંપુર્ણ ખોટી પણ હોતી નથી કે સંપુર્ણ સાચી પણ હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે કાંઈ જાણે છે અથવા કહે છે, જયારે હિત ધરાવનાર સાહેદ જાણી બુજીને છુપાવે છે અથવા કાંઈ વધારે કહે છે તેથી તે સ્વતંત્ર સાહેદથી અલગ પડે છે આથી રેકર્ડ ઉપર જયારે હિત

ધરાવનાર સાહેદો અને સ્વતંત્ર સાહેદો હોય ત્યારે સાહેદોના પુરાવાની છણાવટ અને મુલ્યાંકન અત્યંત સભાનતાથી અને સાવચેતીપુર્વક કરવાનુ હોય છે અને એ પણ હકીકત છે કે, કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જ્યારે શંકા નુ તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરિયાદ પક્ષની નિષ્ફળતામાં પરિણમે છે. ફોજદારી ન્યાયનાં સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ વિશ્વાસજન્ય અને સ્ટર્લીંગ કવોલીટીનાં પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવો પડે.

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

(૧૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં. ૧ તરીકે **તપાસ કરનાર અમલદારને આંક: ૦૫ થી તપાસવામાં આવ્યા છે.** તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તા. ૨૮/૧૦/૨૦૧૭ ના રોજ તેઓ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે બાતમી મળેલી કે, એક બોલેરો પીકઅપ ગાડીમા ભેંસો ભરી વગર પાસપરમીટે ક્રુરતા પૂર્વક બાંધી કતલ ખાના માટે લઈ જતા હોય અને તે ગાડીનો નંબર બાતમીથી ખબર પડેલી તે ગાડી નંબર જી.જે.૧૮ એ.ટી.૧૨૬૩ ની છે જેથી તેઓએ તેઓના પોલીસ સ્ટાફના માણસો સાથે બે પંચોને બોલાવી તેઓને બાતમીથી સમજ કરી બાતમીવાળી જગ્યાએ જતા તે પીકઅપ ગાડી લઈને આવતા તે ગાડીનું પંચો રૂબરૂ તપાસ કરાવતા પાંચ ભેંસો ક્રૂરતા રીતે બાંધી રાખેલ તેમા કોઈ પાણી, ઘાસચારાની વ્યવસ્થા રાખેલ ન હતા તે ગાડીમા બેસેલ ડ્રાઈવર, કંડકટરને પાસપરમીટ બાબતે પુછતા કોઈ પરમીટ ન હોવાનું જણાવતા, તે આરોપીઓને સાથે રાખી પંચોની હાજરીમા તે ભેંસો કબજે લઈ સ્થળ પર પંચનામું કરેલુ જે પંચનામુ નિચલી અદાલતમા આ પહેલા કેસ ચાલતા આંક-૮ થી ઝેરોક્ષ કોપી રજુ છે જે ઝેરોક્ષ કોપીની અસલ કોપી સેશન્સ કેસ કમીટ થઈ આવતા અત્રે નિશાની-૩/૨ થી રજુ છે જેમા પંચોની સહી છે અને રૂબરૂમા તેઓની સહી ઓળખી બતાવી આંક-૦૬થી રજુ કરેલ. ત્યાર બાદ આ કામે તેઓના પોલીસ સ્ટેશનના અહેકો દિલીપભાઈ શકરાભાઈ ઉપરોકત બનાવની તેઓની રૂબરૂ

ફરીયાદ આપેલી જે ફરીયાદ તેઓને બતાવતાં જે આંક–૧૩ થી નીચલી અદાલતમાં રજુ કરેલ છે જે અસલ ફરીયાદ ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ ગુન્હો નોંધાયા બાદ તેઓની પાસે તપાસ આવતા તેઓએ આ ગુન્હાની તપાસ સંભાળેલી અને લાગતા વળતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીને અટક કરેલા અટક કરેલા આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. ત્યાર બાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરવો હોઈ તેઓની વિરુધ્ધ ચાર્જશીટ કરેલું.

(૧૧.૧) આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમ તેઓએ કબુલ કરેલ છે કે, ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી તરીકે તેઓ હતા તથા તપાસનું ચાર્જશીટ પણ તેઓએ કરેલ છે. તપાસની કાર્યવાહી કરવા કરવા સબંધી પી.એસ.ઓ. કાંતીભાઈએ લેખિત હુકમ કરતા તેઓએ તપાસ સંભાળેલી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, તપાસ સંભાળતા પહેલા જે કાંઈ મુદ્દામાલ અટક કરવામા આવેલ હોય તે પી.એસ.ઓ. ને સુપ્રત કરવાનો હોય છે. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ ફરીયાદ લીધેલ અને તપાસ કર્યા બાદ ચાર્જશીટ કરી તે સબંધી કાયદાકીય જોગવાઈનો અભ્યા કરેલો. **<u>વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનીયમની કલમ – ૨૦૧૭ ના નવા સુધારા અન્વયેની કલમ– ૫,૮,૯,૧૦ જે ગૌવંશના કિસ્સામાં લાગુ પડે છે. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, હાલના કેસમા કોઈ ગૌવંશ હોવાના આક્ષેપો નથી.</u>** તેઓએ કબજે લીધેલ મુદ્દામાલ ભેંસો દાહોદ ગૌશાળામા મોકલવામા આવેલી. <u>તેઓએ તપાસના કામે ભેંસો દાહોદ ગૌશાળામા મોકલાવેલ હોય તે અંગેની યાદી/પુરાવો ચાર્જશીટના કામે રજુ રાખેલ નથી.</u> સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલના કામે રજુ થયેલ પંચનામામાં સ્થળનું વર્ણન આવે છે. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, હાલના કામે સ્થળનું ચતુર્થ દિશા સહિતનું વર્ણન પંચનામામા નથી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, આક્ષપિત બનાવાળો વિસ્તાર ભરચક વસ્તીવાળો છે અને ત્યાં સતત લોકોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદી તાબાના પોલીસ કર્મચારી છે. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદનો લીધેલા નથી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ તપાસમા તેઓને ગાડીનો નંબર અગાઉથી આપવામા આવેલો હતો. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, આ કામે તેઓએ દોરડું કબજે લીધેલ નથી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, સાહેદો છે એ પોલીસ સાહેદો છે.

(૧૨) આ કામે **ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદ નં.૧ તરીકે ઈમરાન ઈદરીશ મલેક નાઓને આંક– ૧૩ થી તથા પંચસાહેદ નં. ૨ ઈમરાન સલિમભાઈ અનુસવાલાનાઓને આંક– ૧૪ થી તપાસવામા આવેલા છે.** તેઓએ તેમની જુબાનીમાં ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કારક પુરાવો રજુ કરેલ નથી. આ સંજોગોમાં રજુ પંચનામું તેની વિશ્વસનીયતા ગુમાવે છે. આ ઉપરાંત પણ પંચસાહેદો નો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓ પોતાના પુરાવા દરમ્યાન કોઇ પણ જગ્યાએ પાંચ ભેંસો ક્રૂરતા રીતે બાંધી રાખેલ તેમા કોઈ પાણી, ઘાસચારાની વ્યવસ્થા બાબતે કોઇ જ હકિકત જણાવતા નથી આ સંજોગોમાં કાયદાથી પ્રતિબંધીત રીતે ભેંસો ની હેરફેર કરતા આરોપીઓ મળી આવેલ હોય તેવી હકિકત ફરીયાદપક્ષ હાલના સાહેદના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે **દિલિપભાઇ શકરાભાઇ પરમારનો પુરાવો આંક ૧૫થી રજુ રાખવામાં આવેલ છે.** તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, અ.પો.કો. બ.નં. ૧૦૦૧ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનનાઓ તા. ૨૮–૧૦– ૨૦૧૭ ના રોજ મળેલ ખાનગી બાતમી આધારે તેઓ તથા પો.સ.ઈ. એચ.પી.દેસાઈ તથા એ.એસ.આઈ.લક્ષ્મણ સિંહ ગુર્સિંહ બ. નં. ૫૪૪ તથા અ.હે.કો. મુકેશભાઈ સુગમચંદ બ.નં.૭૯૬, અ.પો.કો. ભરતભાઈ સવજીભાઈ બ.નં. ૬૪૧ એ રીતેના તેઓ દાહોદ કસ્બા ચામડાની મીલ આગળ એક બોલેરો પીકઅપ ગાડી નં.જી.જે.૧૮.એટી ૧૨૬૩ પડેલ હતી જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી ઉપરોકત બાતમી આધારે સમજ કરી સદર બોલેરો પીકઅપ ગાડીમાં પંચોની સાથે તપાસ કરાવતા જે બોલેરો

પીકઅપ જેમાં નંગ પાંચ ભેંસો ટુંકા દોરડાથી ઘાસ ચારો કે પાણીની સગવડ વગર ક્રુરતાપુર્વક બાંધી રાખેલ હોય સદર ભેંસો બોલેરો પીકઅપમાં લાવવા બદલ પાસ પરમીટ કે કોઈ આધાર પુરાવો હોય તો રજુ કરવા જણાવતા નહીં હોવાનુ જણાવેલ. આ આધારે દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમા સે ગુ.ર. નં.૨૩૦/ ૨૦૧૭ થી ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ–૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ –૧૯૬૦ ની કલમ ૧૧ (એફ)(એમ) મુજબની ફરીયાદ આપેલી અને પશુને દાહોદ ગૌશાળામાં મોકલી આપેલા. આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ છે.

(૧૩.૧) આરોપીપક્ષ તરફે આ સાહેદની ઉલટતપાસ કરતા તેઓએ કબુલ કરેલ છે કે, આક્ષપિત બનાવાળો વિસ્તાર ભરચક વસ્તીવાળો છે અને ત્યાં સતત લોકોની અવર–જવર રહે છે. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, આ કામે તેઓએ દોરડું કબજે લીધેલ નથી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે, સાહેદો છે એ પોલીસ સાહેદો છે. વધુમાં તેઓ કબુલ કરે છે કે, રોડ ઉપરના મકાનોના રહીશો ખેતીવાડી પણ કરે છે અને ઢોર ઢાંખર પણ રાખે છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે **એ.એસ.આઈ. લક્ષ્મણસિંહ ગુર્સિહ તથા અ.હે.કો. મુકેશભાઈ સુગમચંદ, અ.પો.કો. ભરતભાઈ સવજીભાઈનો પુરાવો આંક ૧૭ થી ૧૯ સુધીનો રજુ રાખવામાં આવેલ છે.**

**આ તમામ પોલિસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને ફરિયાદીએ રજુ રાખેલ પુરાવાને આનુષંગિક જુબાની આપેલ છે જેથી તેઓના પુરાવાને અત્રે રજુ કરવો યોગ્ય માનતો નથી.**

(૧૫) હાલના કામે ઉપરોકત પુરાવાઓનું વિશ્લેષણ તથા મૂલ્યાંકન કરતા પહેલા કાયદાની પરિસ્થિતિ ધ્યાને લેવી ખુબ જરૂરી છે. હાલના કામે તપાસ કરનાર અમલદારે ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ–૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ –૧૯૬૦ ની કલમ ૧૧ (એફ)(એમ) મુજબનુ

ચાર્જશીટ રજુ કરેલ છે. હાલના કામમા પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ તથા સને ૨૦૧૭મા થયેલ સુધારાની જોગવાઈઓ નીચે મુજબની છે.

**કલમ–૧૧(૧) :–**કોઈ પ્રાણીને એવી રીતે માર મારે, લાત મારે, તેના ઉપર અતિશીય સવારી કરે, તેને અતિશય હાંકે, તેના ઉપર અતિશય ભાર લદો, તેને રીબાવે અથવા તેના પ્રત્યે અન્યથા એવી રીતે ર્વતે કે જેનાથી તેને આવશ્યક દુ:ખ કે પીડા થાય અથવા કોઈ પ્રાણી પ્રત્યે તેવો વર્તાવ કરાવે અથવા માલીક હોઈને, તેવો વર્તાવ થવા દે.

**કલમ–(ઘ) :–** કોઈ પ્રાણીને, કોઈ વાહનની અંદર કે ઉપર રાખીને કે રાખ્યા વિના, એ રીતે અથવા એ હાલતમા લઈ જાય કે તેનાથી તેને અનાવશ્યક દુ:ખ અથવા પીડા થાય.

**કલમ –(ચ):–** પ્રાણીને હાલનચલન માટે વ્યાજબી અવકાશ મળે તેટલા ઉંચાઈ, લંબાઈ અને પહોળાઈના પૂરતા માપું ન હોય એવા કોઈ પાંજરામા અથવા બીજા સાધનમા કોઈ પ્રાણીને રાખે અથવા પુરી રાખે.

**કલમ –(ઝ):–**કોઈ બંધનમા રાખેલ પ્રાણીના માલીક હોઈને, તેવા પ્રાણી માટે પૂરતા ખોરાક, પાણી અથવા આશ્રયસ્થાનની જોગવાઈ કરવામા ચૂકે.

**કલમ–(ડ):–**અંગછેદન, ભૂખમરો, તરસ, ભીડ અથવા બીજા ગેરવર્તાવને કારણે પીડાતા પ્રાણીને વેચવા કાઢે અથવા વ્યાજબી કારણ વિના પોતાના કબજામા રાખે.

તે જ રીતે ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ–૧૯૫૪ની કલમ ૬(ક) તથા કલમ–૮ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**કલમ.૬(ક)–નિર્દિષ્ટ કરેલા પશુઓનાં વધ માટે હેરફેર કરવા સામે પ્રતિબંધ:–**

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કલમ–૫ ની પેટા કલમ–૧(ક)મા નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની, રાજયની અંદરના

કોઈ સ્થળેથી રાજયની અંદરના બીજા કોઈ સ્થળે, તેના વધના હેતુ માટે અથવા તેનો એવી રીતે વધ કરવામા આવશે અથવા વધ થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે, હેરફેર કરી શકશે નહી અથવા હેરફેર કરવાની તૈયારી બતાવી શકશે નહી અથવા હેરફેર કરાવડાવશે નહી.

**કલમ–૮:–**

(૨) જે કોઈ વ્યકિત, કલા–૫ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરીને, કલમ–૫ ની પેટા કલમ (૧–ક) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનાં કોઈ પશુનો વધ કરે, તેને દોષિત ઠર્યેથી આજીવન કેદની પણ દસ વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપીયા સુધીના પણ એક લાખ રૂપીયા કરતા ઓછા નહી તેટલા દંડની શિક્ષા થશે.

(૧૬) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખી હાલના કેસમા રજુ થયેલ પુરાવાઓ નો અભ્યાસ કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે તપાસેલા સાહેદો પૈકી સૌથી મહત્વના સાહેદ એવા ફરીયાદીના પુરાવાનુ બારીકાઈથી વિશ્લેષણ કરવામા આવે તો સાહેદ નં. ૧ કમલેશકુમાર વાઘાભાઈ ડીંડોરના જણાવ્યા મુજબ તેઓ બાતમીના આધારે અન્ય સાથી પોલીસ કર્મચારીઓ અને પંચોના માણસો સાથે બનાવવાળા સ્થળે વોચમા હતા ત્યારે આરોપીઓને બોલેરો પીકઅપ ગાડીમાં ભેંસો ક્રુરતા રીતે બાંધી રાખેલ હતી તે વખતે પકડેલા. બનાવ સમયે હાજર એવા સાહેદોના પુરાવા મુજબ બનાવવાળી જગ્યા ભરચક વસ્તીવાળો વિસ્તાર છે અને આ સ્થળ લોકોની અવરજવરવાળો વિસ્તાર છે. બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઈ કતલખાનુ આવેલ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમા આ ગુનાની તપાસ કરનાર અમલદારે બનાવવાળા સ્થળની આજુબાજુ ભરચક અને લોકોની અવરજવર વાળો વિસ્તાર હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. હાલના કામે ત.ક.અમલદાર તેમની જુબાનીમા આરોપીઓ પશુઓને કતલ કરવા કે મારી નાખવાના ઈરાદે પરિવહન કરી લઈ જઈ

રહયા હતા તેવી કોઈ વિગત જણાવતા નથી. **<u>ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનીયમની કલમ – ૨૦૧૭ ના નવા સુધારા અન્વયેની કલમ– ૫,૮,૯,૧૦ જે ગૌવંશના કિસ્સામાં લાગુ પડે છે. વધુમાં, હાલના કેસમા કોઈ ગૌવંશ હોવાના આક્ષેપો નથી.</u>** તેવા સંજોગોમા આરોપીઓ સામે જે ગુના સબંધેનુ તહોમત મુકવામા આવેલ છે તે ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે.

(૧૭) ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના પાયાના સીધ્ધાંતો મધ્યે નજર રાખતા સો ગુનેગારો છુટી જાય પણ એક નિર્દોષને સજા થવી ના જોઈએ તે સીધ્ધાંત ધ્યાને લેતા ધી એવીડન્સ એકટની કલમ ૧૦૧ થી ૧૦૪ ની જોગવાઈઓ ધ્યાને લેતા હાલના કેસમા કોઈ સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન ન હોઈ ફરીયાદપક્ષનો કેસ સાબીત કરવાની જવાબદારી ફરીયાદ પક્ષ ઉપર છે. અહીં સાહેદની જુબાની ધ્યાને લેતા હાલના આરોપીઓની ગાડીમા ભેંસો મળી આવ્યા હોય તેવી કોઈ હકીકત નિશંકપણે પુરવાર થતી નથી. ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષનો કેસ સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધ એવીડન્સ એકટની કલમ ૩ અન્વયે પૃવ્ડ, નોટ પૃવ્ડ અને ડીસ્પૃવડની વ્યાખ્યા ધ્યાને લેવામાં આવે તો અહીંયા ફરીયાદ પક્ષે જે બાબત પુરવાર કરવી જોઈતી હતી તે હકીકત કે આ કામના આરોપીઓએ પોતાના બોલેરો પીકઅપ ગાડીમા ભેંસો કતલ કરવાના ઈરાદે ભેંસોને ટુંકા દોરડા વડે ઘાસચારા કે પાણીની સગવડ વગર બાંધી રાખેલા હોય તેવી હકીકત પુરવાર થતી નથી એટલે કે ગુના બાબતની હકીકત નોટ પૃવ્ડ બનીને રહી જાય છે. હાલના કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ તેવી હકીકત શંકાથી પર પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીઓ આક્ષેપીત મુદ્દામાલ પશુઓ સાથે પકડાયેલા છે. **<u>સદર સાહેદના પુરાવાથી જે જગ્યાએથી આક્ષેપીત પશુઓ કબજે કરવામાં આવેલા છે ત્યાં નજીક કોઈ કતલખાનુ આવેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી</u>**. **<u>તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ વિશ્વસનીયતા ગુમાવે છે અને તેથી જ કાયદાની કલમ મુજબ</u>**

**<u>આરોપીઓ વિરૂધ્ધનુ અનુમાન  કરવા આ કોર્ટ પાસે કોઈ વિશેષ કારણ રહેતુ નથી.</u>** જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબીત કરી શકેલા નથી  તેથી શંકા નો લાભ આરોપીઓને મળવો જોઈએ.  આમ સમગ્ર રીતે પુરાવાનુ મૂલ્યાંકન કર્યા બાદ આ અદાલત એવા તારણ ઉપર આવે છે કે ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ  સામે મુકવામા આવેલ તહોમત સચોટ અને માનવાલાયક પુરાવાથી પુરવાર કરી શકેલ નથી તેથી **મુદ્દા નં.૧  નો જવાબ નકારમા** આપી **મુદ્દા નં.૨** અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) હેઠળ આ કામના આરોપીઓ (૧)ઈમરાનભાઈ હુસેનભાઈ અલી, રહે. નાથાપોર, તા.મોરવા, જી.પંચમહાલ, (૨)શીરાજભાઈ ઈશાભાઈ શીવા, રહે. નાથાપોર, મસ્જીદ પાછળ, તા.મોરવા, જી.પંચમહાલ નાઓને ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અન્વયે કલમ–૫,૮,૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ –૧૯૬૦ ની કમલ ૧૧ (એફ)(એમ) હેઠળ સજાને પાત્ર ગુનાઓ અંગે  નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) અપિલ સમય બાદ મુદ્દામાલ ભેંસો જો જીવતા હોય તો ગૌશાળા, દાહોદમા મુકેલ છે ત્યાં જ રહેવા દેવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્ધામાલ વાહનની માલિકી તપાસી તેના મુળ માલિકને સોંપવું.

(૩) આરોપીઓ  જામીન મુકત હોઈ તેમના જામીનખત રદ કરવા.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) હેઠળ આરોપીઓને એવો આદેશ આપવામાં આવે છે કે, આજથી છ મહિના સુધીમાં તેઓને ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ ના.ગુજરાત

હાઈકોર્ટ સમક્ષ હાજર રહેવુ અને તે અંગે **રૂા.૧૦,૦૦૦ /–** (અંકે રૂપિયા દસ હજાર પુરા) નાં જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

**આજરોજ તારીખ ૫મી માહે ડીસેમ્બર સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યુ.**

**સ્થળ : દાહોદ**
**તારીખ : ૦૫–૧૨–૨૦૨૪**

**( ડી.જે.મહેતા)**
**બીજા એડીશ્નલ સેશન્સ જજ**
**દાહોદ**
**UIC No GJ-00666**

***Jagruti Barot***